આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૫૨ | ૨૫ નવેમ્બર, ૨૦૧૪, મંગળવાર ; માગશર સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

તમે જે વિચારો, તમે જે કહો અને તમે જે કરો તેમાં જ્યારે સંવાદિતા હોય ત્યારે જ સર્જાય તેનું નામ 'સુખ' - ગાંધીજી

## જિલ્લાના સોનારડા ગામે ઝાડાના ૧૨ કેસ

### પ્રદૂષિત પેય જળને લઈ કેસ નોંધાયાનું પ્રાથમિક તારણ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર તાલુકાના સોનારડા ગામે પ્રદૂષિત પાણીને કારણે સાદા ઝાડાના ૧૨ જેટલા કેસો નોંધાતાં આરોગ્ય તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પાણીની ટાંકી પાસે જ વૃક્ષોના મળને લઈ પાઈપ લાઈનમાં લીકેજીસ થતાં ઝાડાના કેસો નોંધાયાની ઘટના બની હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું છે. તંત્ર એ આ લીકેજીસને તાત્કાલિક અસરથી મરામત પણ કરાવી દીધું છે.

બીજી તરફ ગામમાં પ્રદૂષિત પાણીને લઈ સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે. તેમજ પાણી કલોરીનેશન વાળુ પીવાનું પણ લોકોને સમજાવવામાં આવી રહ્યું છે. આ માટે કલોરીનની ટિકડીઓનું પણ વિતરણ શરુ કરી દેવામાં આવ્યું છે.

આજે આ ઘટનાની જાણ થતાં જ જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. દિનેશ જાગાણી તેમજ જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડૉ.જયેશ સોલંકી સોનારડા દોડી ગયા હતા તેમણે ગામની મુલાકાત લઈ પરિસ્થિતિની જાણકારી મેળવી હતી. આ ઉપરાંત લીકેજીસ શોધવા સહિતની કામગીરી કરવા તંત્રના કર્મચારીઓને માર્ગદર્શન આપ્યુંહતું. તંત્ર એ તાત્કાલિક મોટું લીકેજ શોધી કાઢયું હતુંઅને તાત્કાલિક તેને કુરસ્ત પણ કરી દેવામાં આવ્યું છે.



માર્ગ મરામત - હેલીપેડ અને વિધાનસભા-સચિવાલય સંકુલને જોડતા માર્ગો પર સોમવારે સાંજે એશ નંખાતા સમગ્ર વાતાવરણમાં ધુંધળુ થયું હતું... મોડીસાંજે દ્વિચક્રી વાહન ચાલકો મુંઝવણ પણ અનુભવતા હતા. માર્ગ દુરસ્તીકરણના ભાગરૂપે એશ નંખાઈ હતી. આજકાલમાં માર્ગનું નવીનીકરણ થઈ જશે. **(તસવીર : દિપક જાની)**

## ગાંધીનગર મેડિકલ કોલેજમાં ડિપ્લોમા અભ્યાસક્રમ શરૂ

### ડિપ્લોમા ઈન એનેસ્થેસિયાની ચાર બેઠકો મંજૂર થઈ : ચાર શાખાની ૧૪ બેઠકો ડિપ્લોમા અભ્યાસક્રમની મળી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મેડિકલ કોલેજમાં આજે એનેસ્થેસિયા બ્રાન્ચમાં પણ ચાર બેઠકો ડિપ્લોમા અભ્યાસક્રમની મંજૂર થઈ આવી છે. આ સાથે ડિપ્લોમા અભ્યાસક્રમની ચાર શાખાની ૧૪ બેઠકો મંજૂર થવા પામી છે.

ગાંધીનગર મેડિકલ કોલેજે ડિપ્લોમા અભ્યાસક્રમ માટે ચાર શાખાઓમાં બેઠકોની માંગણી કરતી અરજી કરી હતી. જેમાં સ્કીન, ઈ.એન.ટી., ઓપ્થોલમોલોજી અને એનેસ્થેસિયા બ્રાન્ચનો સમાવેશ થાય છે.

નેશનલ બોર્ડ દ્વારા આ અંગે ઈન્સ્પેકશન હાથ ધરાયુ હતુ અને ચારેય શાખાઓની બેઠકો મંજૂર કરવામાં આવી છે. સ્કીનમાં ચાર બેઠકો, ઈ.એન.ટી.ની બે બેઠકો ઓપ્થોલમોલોજીની ચાર બેઠકો અને એનેસ્થેસિયાની ચાર બેઠકો મંજૂર થઈ છે.

ગાંધીનગર મેડિકલ કોલેજમાં શૈક્ષણિક કામગીરી છેલ્લા ત્રણ વર્ષથી હાથ ધરવામાં આવી છે અને ટુંકાગાળામાં જ કોલેજે તેની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી ડિપ્લોમા અભ્યાસક્રમ માટેની મંજૂરી મેળવી છે જે એક ગૌરવપ્રદ ઘટના છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેર સાંજ પડતા જ ઠંડુગાર

### ગાંધીનગરમાં દિવસ-રાતના તાપમાન વચ્ચે ૧૮ ડિગ્રીનો તફાવત : સૂર્યાસ્ત થતા જ શહેર ઠંડુગાર બની જાય છે : ગુજરાતનું સૌથી ઠંડુ શહેર

ગાંધીનગર, તા. ૨૪

છેલ્લા ત્રણ-ચાર દિવસથી શહેરમાં ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. કાશ્મીરમાં પડેલી બરફ વર્ષાની અસર હોય તેમ લઘુત્તમ તાપમાન છેલ્લા ત્રણ-ચાર દિવસથી ૧૪-૧૫ ડિગ્રી જેટલું અનુભવાઈ રહ્યું છે. વળી,લઘુત્તમ અને મહત્તમ તાપમાનની વચ્ચે ૧૮ ડિગ્રી જેટલો તફાવત હોઈ વસાહતીઓના સ્વાસ્થ્ય પર તેની વિપરીત અસર જોવા મળી રહી છે.

ઠંડીની શરૂઆત થઈ ચુકી છે. જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા બે દિવસથી બરફ વર્ષા થઈ રહી છે. જેના પરિણામસ્વરૂપ ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં લઘુત્તમ તાપમાન નીચે જઈ રહ્યું છે. ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૧૪ થી ૧૫ ડિગ્રીની વચ્ચે નોંધાઈ રહ્યું છે. વળી તે રાજ્યમાં સૌથી ઓછુ હોઈ ગાંધીનગર રાજ્યનું સૌથી ઠંડુ શહેર બન્યું છે. રાત્રે ઠંડી વધી છે. પરંતુ દિવસે હજુ તાપમાન ઉંચુ રહે છે. લઘુત્તમ અને મહત્તમ તાપમાનની વચ્ચે ૧૮ ડિગ્રી જેટલો તફાવત રહે છે. તડકો હોય ત્યાં સુધી ગરમી અનુભવાય છે. આકરો તાપ પણ અનુભવાય છે. જો કે સૂર્યાસ્ત બાદ તુરંત જ ઠંડકનું સામ્રાજ્ય જામતુ જાય છે. ઘરની બહાર નીકળો તો ગરમ વસ્ત્રો ફરજીયાત પહેરવા પડે તેટલી ઠંડી પડે છે. રાત્રે ઠંડા પવન ફુંકાતા પંખા બંધ કરી દેવા પડે છે. દિવસ અને રાતના તાપમાન વચ્ચે મોટો તફાવત રહેતા તેની અસર સ્વાસ્થ્ય પર પડી રહી છે. શરદી, ખાંસી, તાવ અને વાયરલ ઈન્ફેક્શનના દર્દીઓ વધી રહ્યા છે. મચ્છરોના ઉપદ્રવ માટે પણ આ વાતાવરણ ખૂબ અનુકુળ હોઈ વસાહતીઓ મચ્છરોનો ત્રાસ અનુભવી રહ્યા છે. શહેરની આસપાસ ચાલતી કન્સ્ટ્રક્શન સાઈટ્સ પર ડેન્ગ્યુ અને મેલેરીયાના દર્દીઓ નોંધાયા છે. શહેરની સરકારી ઉપરાંત ઘણી ખાનગી હોસ્પિટલોમાં આ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. બેવડી ઋતુના કારણે વસાહતીઓ પરેશાન છે.

## સઘન સફાઈ ઝુંબેશ માટે સાધનો ખરીદાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં સફાઈ અભિયાનને સઘન બનાવવા માટે મહાનગરપાલિકા હવે રૂ. ૨.૫૮ કરોડના ખર્ચે સફાઈના નવા સાધનો ખરીદશે.

મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના ચેરમેન શ્રી આશિષ દવેની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સાધનો ખરીદીની સત્તા મ્યુનિ. કમિશનરશ્રીને સોંપવામાં આવી છે.

આજની બેઠકમાં વાયબ્રન્ટ સમીટને ધ્યાને રાખી રાજ્ય સરકારે ફાળવેલ સાત સર્કલો પૈકી પહેલા પાંચ સર્કલ વિકસાવવા માટેની મંજૂરી પણ આપી દેવામાં આવી છે. આગામી એક માસમાં આ સર્કલો વિકસાવવામાં આવશે.



આંબળી - પીપળી : ભારતીય સંસ્કૃતિની પરંપરાગત રમત આજે પણ ગામના પાદરે રમાય છે... ગ્રામીણ સંસ્કૃતિનો પાયો પરંપરાગત રમતોમાં નંખાય છે... કોઈપણ પ્રકારના ખર્ચ વિના છતાં આનંદ-ઉલ્લાસથી છલકાતી રમતો, શારીરિક ઘડતર માટે ખૂબ જ પૂરક બની છે... સાહસિકતા, ધૈર્ય, હિંમત અને ચપળતા જેવા જીવનના મહત્વના ગુણો વિકસાવતી આંબળી - પીપળીની રમત ફરીથી રમાવવી જોઈએ... જેમાં આવતીકાલની ઉજાસની શ્રદ્ધા બળવત્તર બને છે.... આવી તો અનેક ગ્રામીણ રમતો છે જે આજે વિસરાઈ ચૂકી છે... પુનઃ આવી રમતોને જીવંત બનાવી બાળકોમાં રહેલી આંતરિક શક્તિને વિકસવાની તક આપીએ... કબડ્ડીની રમતની જેમ આવી ગ્રામીણ રમતોને પણ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફલક પર મૂકવી જોઈએ... **(તસવીર : કશ્યપ નિમાવત)**

## આવતીકાલની કેબિનેટમાં ગુણોત્સવ કાર્યક્રમની સમીક્ષા કરાશે

ગાંધીનગર, તા. ૨૪

રાજ્યમાં યોજવામાં આવેલ ગુણોત્સવ કાર્યક્રમની સફળતા અંગે બુધવારના રોજ મળનારી રાજ્યમંત્રી મંડળની બેઠકમાં સમીક્ષા કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ શાળાઓમાં બાળકોને આપવામાં આવતા શિક્ષણ અંગેનું મૂલ્યાંકન કરવા માટે રાજ્ય સરકાર દ્વારા ગુણોત્સવ કાર્યક્રમ દર વર્ષે યોજવામાં આવે છે તેજ રીતે આ વર્ષે પણ ગત ૨૦મી નવેમ્બરથી ત્રણ દિવસ માટે યોજવામાં આવ્યો હતો.

ગુણોત્સવ કાર્યક્રમ દરમ્યાન મંત્રીઓને શાળાઓની મુલાકાત દરમ્યાન બાળકોને આપવામાં આવતા શિક્ષણ અંગે થયેલ અનુભવો કરવામાં આવેલ મુલ્યાંકનો અને તેમને થયેલ અનુભવ અંગેની વિગતો મેળવવામાં આવશે. અને મંત્રીઓ અને અધિકારીઓ દ્વારા રજુ કરવામાં આવેલ અહેવાલ ઉપર બુધવારના રોજ મળનારી મંત્રીમંડળની બેઠકમાં ચર્ચા-વિચારણા કરીને સમીક્ષા કરવામાં આવશે.

ગુણોત્સવ કાર્યક્રમ દરમ્યાન મળેલ સૂચનો અંગે સુધારાત્મક પગલાઓ લેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મંત્રીમંડળની બેઠકમાં આગામી ૨૬મીના રોજ રાજ્યમાં યોજવામાં આવનાર નેશનલ મિલ્ક ડે અંગે મંત્રીઓને માર્ગદર્શન આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## આવતીકાલે ગાંધીનગરમાં 'રાષ્ટ્રીય દૂધ દિવસ' ઉજવાશે

### શ્વેત ક્રાંતિના પ્રણેતા ડૉ. વર્ગીસ કુરિયનના જન્મ દિવસને રાષ્ટ્રીય દૂધ દિવસ તરીકે ઉજવવામાં આવે છે : કૃષિ-પશુપાલન મંત્રી બાબુભાઈ બોખીરીયા હાજર રહેશે : સરકારની પશુપાલન યોજનાની મહિલા લાભાર્થીઓને સહાય વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ દ્વારા તા. ૨૬મી નવેમ્બરે શ્વેત ક્રાંતિના પ્રણેતા ડૉ. વર્ગીસ કુરિયનના જન્મ દિનને 'દૂધ દિવસ' નિમિત્તે ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણી સે-૧૭માં આવેલ ટાઉનહોલ ખાતે સવારે ૮ થી બપોરના ૧ વાગ્યા સુધી યોજાશે. જેમાં ગુજરાત સરકારના કૃષિ અને પશુપાલન મંત્રી બાબુભાઈ બોખીરીયા મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ પદે ગાંધીનગરના ધારાસભ્યો શંભુજી ઠાકોર અને અશોકભાઈ પટેલ તેમજ સમારંભના અધ્યક્ષપદે મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં સ્વ. ડૉ. વર્ગીસ કુરિયનને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે તેમજ તેમના યોગદાન બાબતે સૌને માહિતગાર કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારની પશુપાલન યોજનાઓ અંતર્ગત મહિલા લાભાર્થીઓને સહાય વિતરણ પણ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે ડૉ. વર્ગીસ કુરિયને અમુલના નેજા હેઠળ ગુજરાતમાં શ્વેત ક્રાંતિ આણી હતી અને તેના થકી લાખો પરિવારોને રોજગારી આપી હતી તેમજ પશુ પાલનના વ્યવસાયને નવી દિશા ચીંધી હતી. તેમના જન્મ દિવસ ૨૬ નવેમ્બરને રાષ્ટ્રીય દૂધ દિવસ જાહેર કરાયો છે.


## હાર્દિક શુભેચ્છા



**પોપટલાલ એસ. પ્રજાપતિ**

રાષ્ટ્રીય પ્રજાપતિ મહાસભાના ગુજરાત પ્રદેશ સચિવ તરીકે તેમજ ઉત્તર ગુજરાત સમસ્ત પ્રજાપતિ સમાજ સંગઠનમાં મંત્રી તરીકે આપની નિમણુંક થતાં ગાંધીનગર પ્રજાપતિ સમાજ ગૌરવની લાગણી અનુભવે છે. આપની ઉત્કૃષ્ઠ સમાજ સેવા બદલ હાર્દિક શુભેચ્છા....

વિરચંદભાઈ એસ. પ્રજાપતિ - પ્રમુખ (ગુ.પ્ર.) રાષ્ટ્રીય પ્રજાપતિ મહાસભા
ડાહ્યાલાલ પ્રજાપતિ - પ્રમુખ, ઉ.ગુ. સમસ્ત પ્રજાપતિ સમાજ સંગઠન
અલ્પેશભાઈ એમ. પ્રજાપતિ - પ્રમુખ, ગાંધીનગર પ્રજાપતિ સાજ
ભરતભાઈ એ. પ્રજાપતિ - પ્રમુખ, ખાખરિયા છા. પ્રજાપતિ સમાજ
અશ્વિનભાઈ પ્રજાપતિ - પ્રમુખ યુવા સેના ખા. છા.
નટવરલાલ એસ. પ્રજાપતિ - ૨૭ ગોળ પ્રજાપતિ સમાજ, હિંમતનગર
કાન્તિલાલ એ. પ્રજાપતિ - ૪૨ ગોળ પ્રજાપતિ સમાજ
મણિલાલ કે. પ્રજાપતિ - રાધનપુર પ્રજાપતિ સમાજ
કાન્તિભાઈ એમ. પ્રજાપતિ - બાર ગોળ પ્રજાપતિ સમાજ
ગોપાળભાઈ સી. પ્રજાપતિ - ઊંઝા પ્રજાપતિ સમાજ
પ્રકાશભાઈ કે. પ્રજાપતિ - ખેરાલુ પ્રજાપતિ સમાજ
મિતુલ વી. પ્રજાપતિ - પ્રમુખ, યુવા ફાઉન્ડેશન, અમદાવાદ
સી. કે. પ્રજાપતિ - દોતોર પ્રજાપતિ સમાજ






ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે જાહેરાત માટેનું અસરકારક માધ્યમ ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

